બિન સરકારી અનુદાનીત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :-બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ.
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫-૦૨-૨૦૧૧

વંચાણમાં લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૬-૮-૭૭નો ઠરાવ ક્રમાંક:જીએસી-૧૦૭૭-૫૦૭૭૭-ગ

(૨) શિક્ષણ વિભાગનો તા.૮-૨-૮૦નો ઠરાવ ક્રમાંક:સમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧

(૩) શિક્ષણ વિભાગનો તા.૩૧-૧-૯૨નો ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૧-૨૦૩૬-ગ.૧

(૪) શિક્ષણ વિભાગનો તા.૩૧-૧૨-૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧

(૫) શિક્ષણ વિભાગનો તા.૨૨-૧૧-૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ

(૬) કમિ.શ્રી,મધ્યાહ્ન ભોજન અને શાળાઓનો તા.૭-૧૨-૨૦૧૦નો પત્ર ક્રમાંક: બમશ/મા.૧/ફા.શિ./સમા/૧૦/૨૪૯૯૬ અને તા.૨૪-૧૨-૨૦૧૦નો પત્ર ક્રમાંક: સંશિ.નિ.(માધ્ય.)-પી.એ

આમુખ:

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૦ અન્વયે ધોરણ-૮ ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ખસેડવાના કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડા થતાં, ઘણી મોટી સંખ્યામાં જુદા જુદા વિષયના શિક્ષકો/શિક્ષણ સહાયકો ફાજલ થાય તેમ છે.

વધુમાં, શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ ના ઠરાવ ક્રમાંક :- ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ અન્વયે દરેક ધોરણ દીઠ મહત્તમ ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા નકકી કરવામાં આવેલ છે તેના કારણે કેટલીક શાળાઓ ઓછા વિદ્યાર્થીઓએ વધારાના વર્ગો ચલાવતી હતી.તેમાં પણ વર્ગ ઘટાડો થશે અને તેના કારણે પણ શિક્ષકો/શિક્ષણ સહાયકો ફાજલ થાય તેમ છે.

સરકારની નીતિ બદલવાને કારણે ફાજલ થતા શિક્ષકો/શિક્ષણ સહાયકોને કામ વગર પગાર ચુકવવો ન પડે તે માટે આગોતરા આયોજન તરીકે ફેબ્રુઆરી-૨૦૧૦ થી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. પરિણામે સરકારની નવી નીતિના કારણે ફાજલ થતા શિક્ષકોને હાલ ખાલી પડેલી જગ્યાઓ ઉપર સમાવેશ કરી શકાય તેમ છે.

આવા ફાજલ શિક્ષકો/શિક્ષણ સહાયકોને રક્ષણ આપવા માટે તા.૨૨-૧૧-૧૦ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ અન્વયે નીતિ નક્કી કરવામાં આવેલ છે પરંતુ શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ ના ઠરાવ ક્રમાંક :- ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ અન્વયે દરેક વર્ગ દીઠ મહત્તમ ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા નકકી થતાં, તેના કારણે પણ વર્ગ ઘટાડા થશે અને શિક્ષકો/શિક્ષણ સહાયકો ફાજલ થશે તો તેવા ફાજલ શિક્ષકો/શિક્ષણ સહાયકોને રક્ષણ આપવા બાબતે ઉક્ત તા.૨૨-૧૧-૨૦૧૦ના ઠરાવમાં કોઇ સ્પષ્ટતા નથી તથા વર્ગ ઘટાડાને કારણે કયા વિષય શિક્ષકને ફાજલ ગણવા તે અંગે કોઇ કાર્યપધ્ધતિ નકકી થયેલ નથી.

આથી આ અંગે કાર્યપધ્ધતિ નકકી કરતી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવા કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી દ્વારા તા.૭-૧૨-૧૦ તથા તા.૨૪-૧૨-૧૦ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારની સક્રીય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજી પુર્વકની વિચારણાને અંતે,સરકારની નીતિ બદલાવાને કારણે ગ્રાન્ટેડ માધ્યમિક,શાળાઓમાં વર્ગ ઘટાડો થતાં ફાજલ થતા શિક્ષકો/શિક્ષણ સહાયકો રક્ષણ આપી ઉપલબ્ધ ખાલી જગ્યાઓમાં સમાવેશ કરવા બાબતે નીચે મુજબની માર્ગ દર્શક સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

૧. ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૦ અન્વયે ધો.૮ નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થતાં માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડાને કારણે ફાજલ થતાં શિક્ષકો/ શિક્ષણ સહાયકોને તથા શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ ના ઠરાવ ક્રમાંક:-ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ અન્વયે માધ્યમિક શાળામાં વર્ગ દીઠ મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦ નકકી કરવામાં આવતાં વર્ગ ઘટાડાને કારણે ફાજલ થતા શિક્ષકો/શિક્ષણ સહાયકો,સરકારની નીતિ બદલાવાને કારણે ફાજલ થતાં હોઇ, ફાજલ તરીકે રક્ષીત જાહેર કરીને આવા ફાજલ શિક્ષકો/શિક્ષણ સહાયકોને, શિક્ષણ વિભાગના તા.૨૨-૧૧-૧૦ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ ની જોગવાઇ મુજબ અન્ય શાળામાં નિમણૂક આપવાની રહેશે.

૨. શિક્ષક/શિક્ષણ સહાયકને ફાજલ જાહેર કરવા બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે :-

(૧) શિક્ષણ વિભાગના તા૬-૮-૭૭ના ઠરાવ ક્રમાંક:જીએસી-1077-૫૦૭૭૭-ગથી માધ્યમિક શાળાઓ માટે વર્ગ દીઠ ૧.૫ શિક્ષક તથા તા.૮-૨-૮૦ના ઠરાવ ક્રમાંક:સમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧થી.ઉચ્ચત્તર માધયમિક શાળાઓ માટે વર્ગ દીઠ સરેરાશ 2.5 શિક્ષકનો રેશિયો નક્કી કરવામાં આવેલ છે આથી આ રેશિયાને ધ્યાનમાં લઇ જે તે શાળાના વર્ગોની સંખ્યામાં થતા ઘટાડાને આધારે ફાજલ શિક્ષકોની સંખ્યા નક્કી કરવાની રહેશે.

(૨) ધોરણ-૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવાથી વર્ગ ઘટાડાની બાબત સ્પષ્ટ રીતે નકકી થઇ શકે તેમ છે પરંતુ શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ ના ઠરાવ ક્રમાંક:-

ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ અન્વયે વર્ગ દીઠ મહત્તમ વિદ્યાર્થીઓ ૬૦ નિયત કરેલ છે પરંતુ જે તે ધોરણમાં વધારાના વર્ગો કે ક્રમીક ધોરણના નવા વર્ગ માટે લઘુતમ કેટલા વિદ્યાર્થી હોવા જોઇએ, તે નિયત કરવામાં આવેલ નથી. આથી જે તે ધોરણમાં વર્ગ વધારો અથવા ઉપલા ધોરણમાં ક્રમિક નવા વર્ગ માટે ગ્રામ્ય વિસ્તારમાં ૬૦+૨૪ અને શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ સંખ્યા ધ્યાને લેવાની રહેશે. અર્થાત ગ્રામ્ય વિસ્તારમાં વધારાના વર્ગ માટે ૨૪ અને શહેરી વિસ્તારમાં વધારાના વર્ગ માટે ૩૬ ની સંખ્યા જળવાતી ન હોય તો વર્ગ ઘટાડો કરવાનો રહેશે.

(૩) ક્રમ-૨ મુજબ જે તે શાળાના વર્ગની સંખ્યા નિયત થયા બાદ માધ્યમિક શાળા માટે વર્ગ દીઠ ૧.૫ શિક્ષક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે વર્ગ દીઠ ૨.૫ શિક્ષકના રેશિયા મુજબ ફાજલ શિક્ષક સંખ્યાની ગણતરી કરવાની રહેશે. આ રીતે ફાજલ શિક્ષકોની ગણતરી કરતી વખતે અડધા શિક્ષકની સંખ્યા આવે તો નીચેની પૂર્ણાંક સંખ્યાને ધ્યાને લેવાની રહેશે. દા.ત.૨.૫ શિક્ષક ફાજલ થાય તો તેવા કિસ્સામાં ૨ શિક્ષક ફાજલ ગણવા.

(૪) ક્રમ-૩ મુજબ ફાજલ શિક્ષકોની સંખ્યા નિયત થયા બાદ કયા વિષયના શિક્ષકને ફાજલ કરવા તે માધ્યમિક શિક્ષણ વિનિયમોની જોગવાઇ મુજબ વર્ગદીઠ વિષયવાર તાસ ફાળવણી અને કાર્યબોજની ગણતરી કરી સૌથી ઓછા કાર્યબોજ ધરાવતા વિષય શિક્ષકને ફાજલ જાહેર કરવાનો રહેશે.

શાળાની શૈક્ષણિક કામગીરીને વિપરીત અસર ન થાય તે માટે, શાળાની સિનીયોરીટી મુજબ જુનીયર શિક્ષક/શિક્ષણ સહાયક કાર્યભારના માપદંડ પ્રમાણે જો પુરતો કાર્યભાર સંભાળતા હશે તો તેમને શાળામાં ચાલુ રાખવાના રહેશે અને સિનીયોરીટી મુજબ સિનીયર હોય તો પણ જે શિક્ષક/શિક્ષણ સહાયક જો પુરતો કાર્યભાર ન ધરાવતા હશે તો તેમને ફાજલ જાહેર કરી અન્ય શાળામાં સમાવવા અંગે કાર્યવાહી કરવાની રહેશે.

(૫) ક્રમ-૪ મુજબ વિષયવાર કાર્યબોજને ધ્યાને રાખી જે વિષય શિક્ષકને ફાજલ કરવાના થાય ત્યારે, એક જ વિષયમાં એક કરતાં વધારે શિક્ષક ફાજલ થતા હોય તો તેવા કિસ્સામાં તેવા શિક્ષકો પૈકી સૌથી જુનીયરને ફાજલ ગણવાના રહેશે.

(૬) અનામત કેટેગરીના ઉમેદવાર ફાજલ થતા હોય તો તેવા કિસ્સામાં જે તે શાળામાં અનામતનું ધોરણ જાળવી રાખવા માટે તેમની લાયકાતના મુખ્ય વિષય ઉપરાંત, ગૌણ વિષયના તાસ ફાળવીને શકય હોય ત્યાં સુધી તે જ શાળામાં ચાલુ રાખવાના રહેશે. દા.ત. કોઇ અનામત કેટેગરીના શિક્ષક/શિક્ષણ સહાયક હિન્દીના મુખ્ય વિષયની લાયકાત ધરાવતા હોય તો, તેમને સમાજવિદ્યા, ગુજરાતી જેવા વિષયોના કાર્યભાર સોંપી શકાય.

(૭) ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયક,ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તરીકેની લાયકાત ધરાવતા હોય અને તે જ શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તે વિષયની ખાલી જગ્યા હોય અને તેવા શિક્ષક/શિક્ષણ સહાયક, તેમને મળતા પગાર અને પગાર ધોરણમાં કામ કરવાની બાહેંધરી આપે તો તેવા શિક્ષક/શિક્ષણ સહાયકને તે જ શાળામાં સમાવેશ કરવાનો રહેશે.

(૮) પુરતા કાર્યભારની ચકાસણી કરીને શાળાના આચાર્યશ્રી અને સંચાલક મંડળે ફાજલ જાહેર કરવાના થતા શિક્ષક/શિક્ષણ સહાયકોની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને કરવાની રહેશે.

શાળા કક્ષાએથી ખોટી માહિતી/અધુરી વિગતો કે અન્ય મહત્વની બાબતો રજૂ ન કરી શકવાને કારણે જિલ્લા કક્ષાએ કોઇ શિક્ષક/શિક્ષણ સહાયકને ફાજલ જાહેર કરવાનો નિર્ણય લેવાશે તો આ અંગે ભવિષ્યમાં ઉભા થતા કાયદાકીય તથા અન્ય તમામ પ્રશ્નોની જવાબદારી આચાર્ય અને સંચાલક મંડળની સંયુકત રહેશે.

(૯) ફાજલ જાહેર કરેલ કિસ્સામાં સંસ્થા આવા શિક્ષક/શિક્ષણ સહાયકને હાજર ન કરે તો તે સંસ્થાને ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી શિક્ષકો/શિક્ષણ સહાયકોને કામ વગર પગાર ચુકવવો પડે તેટલો ખર્ચ કાપી લેવાનો રહેશે.નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તેવી શાળાઓની નોંધણી રદ કરવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને દરખાસ્ત કરવાની રહેશે.

(૧૦) ફાજલ શિક્ષક તરીકે જાહેર કરવા અંગે શિક્ષક/ શિક્ષણ સહાયકને અસંતોષ હોય તો તેવા કિસ્સામાં સબંધિત શિક્ષક/શિક્ષણ સહાયક શાળા સંચાલક મંડળના નિર્ણય સામે જિલ્લા શિક્ષણાધિકારીને અને જિલ્લા શિક્ષણાધિકારીના નિર્ણય સામે કમિશ્નરશ્રી, મ. ભો.અને શાળાઓ, ગાંધીનગરને અપીલ કરી શકશે.

(૧૧) શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ ના ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ અન્વયે વ્યવસાયલક્ષી પ્રવાહ માટે પણ વર્ગ દીઠ મહત્તમ ૬૦ વિદ્યાર્થીઓની સંખ્યા નિયત કરવામાં આવેલ છે અને ગ્રાન્ટના હેતુ માટે સરાસરી હાજરી શહેરી વિસ્તારમાં ૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકાનું ધોરણ નકકી કરવામાં આવેલ છે પરંતુ આ માપદંડ વ્યવસાયલક્ષી શાળાઓને લાગુ પાડવું વ્યવહારૂ નથી કારણ કે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમનો મુળ હેતુ યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપી સ્વરોજગારી પુરી પાડવાનો છે. આથી વ્યવસાયલક્ષી પ્રવાહના વિદ્યાર્થીઓ પરત્વે પુરતુ ધ્યાન આપી શકાય તથા પ્રત્યેક વિદ્યાર્થી પ્રાયોગીક કૌશલ્ય યોગ્ય રીતે કેળવી શકે તે માટે તેમને પુરતા પ્રમાણમાં પ્રાયોગિક કાર્યની તક પુરી પાડવાની જરૂર રહે છે.

આથી યોજનાનો મુળ ઉદ્દેશ અને જરૂરિયાતને ધ્યાનેમાં લેતાં શિક્ષણ વિભાગના તા.૩૧-૧૨-૦૯ ના ઠરાવથી નિયત વર્ગ દીઠ મહત્તમ ૬૦ વિદ્યાર્થીઓ તથા ગ્રાન્ટના હેતુ માટે શહેરી વિસ્તારમાં ૮૦ ટકા સરાસરી હાજરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા સરાસરી હાજરીનું ધોરણ લાગુ પાડવાનું રહેશે નહિ. પરંતુ વ્યવસાયલક્ષી પ્રવાહની શાળાઓ માટે શિક્ષણ વિભાગના તા.૩૧-૧-૯૨ ના ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૯૧-૨૦૩૬-ગ.૧ થી વિદ્યાર્થીઓ વર્ગ દીઠ સંખ્યા અને સરાસરી હાજરીનું જે ધોરણ નકકી કરવામાં આવેલ છે તે ચાલું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭-૦૨-૨૦૧૧ની નોંધથી મળેલી સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.એલ.પટેલ)
નાયબ સચિવ (માધ્યમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના પ્રતિ :

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,(પત્ર દ્વારા)
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ અને ટે.શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,
અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ
અગ્ર સચિવશ્રી(આ.બા),નાણા વિભાગ
અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગના રહસ્ય સચિવશ્રી,
સચિવશ્રી (પ્રા.શિ.),શિક્ષણ વિભાગના રહસ્ય સચિવશ્રી,
નિયામકશ્રી, જીસીઇઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારી,જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી,
સર્વે અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ,
સિલેકટ ફાઇલ. ગ-શાખા / સિલેકટ ફાઇલ. ના.સ.અ.શ્રી.ગ-શાખા